For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

તડકેશ્વર અને વલસાડમાં નિર્માણાધિન ટાંકીનાં હલકાં બાંધકામોએ ભ્રષ્ટાચારની પોલ ખોલી

ભ્રષ્ટાચાર 'બેફામ', સરકારી બાંધકામો 'જોખમ'

ટેન્ડર મંજૂર કરાવવાથી માંડીને છેક કામગીરી કર્યાનાં નાણાં બિલ પાસ કરવા સુધી એકથી બે ટકા નાણાં ચૂકવવા પડે છે

ટકાવારી લેવામાં જે તે વિભાગના ઉપલાથી નીચલા લેવલના અધિકારીઓથી માંડીને શાસકો અને વિપક્ષો પણ સામેલ છે

સુરતઃ માંડવીના તડકેશ્વરમાં ટાંકી તૂટવાની ઘટના અને બાદમાં વલસાડમાં પણ ટાંકીના કામમાં નબળા બાંધકામે રાજ્યમાં સરકારથી શરૂ કરીને છેક પંચાયત સુધી ચાલતા ભ્રષ્ટાચારને ઉઘાડો પાડ્યો છે. જુના બાંધકામો જર્જરીત બને તે સમજી શકાય પરંતુ નવા બાંધકામો જ જ્યારે તૂટી પડે ત્યારે મોટાપાયે ભ્રષ્ટાચાર કરાયો હોવાની સાબિતીઓ મળે છે. રાજ્યમાં સરકારી કામોમાં એવી રીતે કોન્ટ્રાકટરોથી માંડી અધિકારીઓ અને રાજકારણીઓની મિલીભગત થઈ ચૂકી છે કે હવે તો ભગવાન જ બચાવે. કોન્ટ્રાક્ટર પાસે ટેન્ડર ભરવાથી માંડીને વર્કઓર્ડર આપવા સુધીના તમામ તબક્કે જેવી રીતે ટકાવારી લેવામાં આવે છે તે જ બતાવે છે કે રાજ્યમાં સરકારી કામોમાં જો સારૂં બાંધકામ થાય તો તે નસીબ જ કહેવાય. ઉપલા લેવલથી શરૂ કરીને છેક નીચલા લેવલ સુધી ચાલતા ભ્રષ્ટાચારે ઘોર ખોદી નાખી છે. ભ્રષ્ટાચારની હદ થઈ ગઈ છે.

એક તરફ નીચા ભાવે કોન્ટ્રાક્ટ અને ઉપરથી ટકાવારી, પછી બાંધકામ નબળું જ થાય ને...

એક તરફ કોન્ટ્રાક્ટર દ્વારા કોન્ટ્રાક્ટ લેવા માટે નીચા ભાવે ટેન્ડર ભરવામાં આવે છે. આ નીચા ભાવ પણ એક ટકાથી શરૂ કરીને છેક 30 ટકા જેટલા હોય છે. નીચા ભાવ ભર્યા બાદ અધિકારીઓ અને રાજકારણીઓને ટકાવારી આપતાં આપતાં કોન્ટ્રાક્ટરે મૂળ ટેન્ડર રકમ કે જે અધિકારીઓ દ્વારા ગણતરી કરીને નક્કી કરવામાં આવી હોય છે તેનાથી આશરે 50 ટકા જેટલા ઓછા ખર્ચાએ કામગીરી કરવી પડે છે. જ્યારે જે તે સરકારી કામ માટેનો ખર્ચ

...અનુસંધાન પાના ૯ પર

કેવી રીતે લેવાય છે ટકાવારી ?

- જ્યારે ટેન્ડર મંજૂર કરવા માટે જે તે એજન્સી પાસે આવે ત્યારે એક ટકો લેવામાં આવે છે
- સરકારમાં જે તે વિભાગ દ્વારા ટકાવારી લેવામાં આવે છે, મનપામાં ટીએસસીની મીટિંગમાં એક ટકો લેવાય છે
- ટેન્ડર મંજૂર થાય ત્યારે શાસકોને ટેન્ડરની રકમના એકથી બે ટકા આપવા પડે છે
- જ્યારે કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી શરૂ કરવામાં આવે ત્યારે જે તે વિભાગના અધિકારીને એકથી બે ટકા આપવા પડે છે
- જે તે સ્થાનિક સત્તામંડળ કે પછી પાલિકા અને મનપામાં જે તે વિસ્તારના કોર્પોરેટરોને ટકાવારી આપવી પડે છે

...અનુસંધાન પાના ૯ પર

ગુજરાત સિવાયનાં રાજ્યોમાં દરેક સ્તરે ટકાવારી નથી, શાસકોને આપ્યા બાદ કોન્ટ્રાક્ટર નિશ્ચિંત હોય છે

ટેન્ડર મંજૂર કરાવવાથી માંડીને બાંધકામના બિલો પાસ કરવા સુધી ટકાવારી આપવી પડે તેવો સિનારીયો માત્ર ગુજરાતમાં જ છે. અન્ય રાજ્યોમાં આવી સ્થિતિ નથી. ત્યાં એક વખત શાસકોને ટકાવારી આપી દેવામાં આવ્યા બાદ કોઈ જ હેરાન કરતું નથી. પરંતુ ગુજરાતમાં શાસકોએ ટકાવારી લીધા બાદ પણ વિપક્ષોથી માંડીને ખુદ શાસકોના જ સભ્યો પણ કોન્ટ્રાક્ટરો પાસે નાણાં ઉઘરાવવા માટે પહોંચી જાય છે. સુરતમાં તો ભૂતકાળમાં કોર્પોરેટરો માટે મજાકમાં એવું

...અનુસંધાન પાના ૯ પર

ચોરને પકડવા એક પછી એક જવાનો નદીમાં કૂદ્યા

1 દેસરાના મામાદેવ મંદિરમાં ચોરીની ઘટના એક વ્યક્તિ જોઇ ગઇ

2 બૂમાબૂમ થતાં આરોપીઓ નદીમાં કૂદીને ટાપુ પર સંતાઇ ગયા



3 પોલીસે ડ્રોનની મદદ લીધી અને આરોપીઓ દેખાયા

4 આરોપીને પકડવા એક પછી એક સ્ટાફ નદીમાં કૂદી પડ્યો

5 પોલીસ હોડીની વ્યવસ્થા કરીને ટાપુ પરથી આરોપીઓને પકડી લાવી

6 (તસવીર : કેરસી બારીયા)

પોલીસે આરોપીઓ પાસેથી પિત્તળનો ઘંટ અને ત્રિશુળ કબજે લીધું

બીલીમોરાના દેસરામાં ચોરી કરી ચોર નદી પાર કરી ટાપુ પર સંતાઇ ગયા હતા

બીલીમોરા : બીલીમોરાના દેસરા કાવેરી નદી કિનારે સ્મશાન ભૂમિ પાસે આવેલ મામાદેવ મંદિરમાં બે અજાણ્યા ચોરોએ ચોરી કરી નદીમાં ફરાર થઈ ગયા હોવાની પોલીસને જાણકારી આપવામાં આવી હતી. ઘટના સ્થળે પહોંચેલી પોલીસે ડ્રોન કેમેરાની મદદથી પાણીમાં લાપતા બનેલા ચોરોને શોધવાનો તેઓનો પ્રયાસ સફળ રહ્યો હતો. નદીના ટાપુના કોતરમાં આ બંને ચોર ફસાઈ જતા સંતાઈ ગયા હતા. જેથી એક પછી એક પોલીસ જવાનો નદીમાં કૂદી ગયા હતા અને ટાપુ પરથી બંને આરોપીને પકડી લીધા હતાં. પોલીસે બંને પાસેથી પિત્તળનો એક ઘંટ અને લોખંડનું સ્ટેન્ડ કબજે કર્યું હતું. પકડેલા ચોર એ પોતાનું નામ અનિલ અબુભાઈ વસાવા (રપ, રહે સોનગઢ, જિલ્લો તાપી) હોવાનું જણાવ્યું હતું તેમ જ તેની સાથે તેની એક સગીરા છે. બંને મજૂરી અર્થે બીલીમોરા આવ્યા હતા અને જે.જે. મહેતા સ્કુલ સામેના ઓવરબ્રિજ નીચે પડાવ નાંખીને રહેતા હતા.

વારંવાર ભૂવા પડતાં મિલકતદારોમાં રોષ દેખાયો

માછલીપીઠમાં 10 દિવસમાં ત્રીજી વખત વિશાળ ભૂવો પડ્યો

મેટ્રોના અધિકારીઓએ વારંવાર ભૂવા પડવા પાછળ જુના ભૂર્ગભ માળખાને દોષ દીધો

અગાઉ જ્યાં ભૂવો પડ્યો હતો તેનાથી માત્ર 20 મીટરે 22 ફૂટ ઊંડો ભૂવો પડ્યો

સુરતઃ લાલગેટ વિસ્તારમાં આવેલા શાહપોર માછલીપીઠ પાસે ફરી એકવાર જમીન ધસી પડવાની ગંભીર ઘટના બની છે, જેને કારણે સ્થાનિક રહીશોમાં ભય અને તંત્રમાં

...અનુસંધાન પાના ૯ પર

શાહપોર સહિતના તળ સુરતમાં જમીનની લાક્ષણિકતા ધ્યાને લેવાઇ નથી

"મેટ્રો શક્યતા અભ્યાસ પહેલાં તેઓએ ચોક અને શાહપોર સહિતના તળ સુરતના વિસ્તારોની માટીની લાક્ષણિકતાઓ ધ્યાનમાં લીધી નથી, તેમને માટીના ડેટાનો કોઈ ખ્યાલ નથી. સુરતના જૂના ઇતિહાસ મુજબ, આ વિસ્તારમાં સ્પ્રાવ ટનલ હતી.

-- ડો. પંકજ ગાંધી (સેફ્ટી એન્જિનિયર SVNIT ફેલો)

મેટ્રોના કામ માટે સુરત ક્રાઇમ બ્રાન્યની કચેરી ખાલી કરાવાઇ

સુરતઃ ડાયમંડ સિટીમાં મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી હવે તેના સૌથી નિર્ણાયક અને પડકારજનક તબક્કામાં પ્રવેશ કરી ચૂકી છે. સુરત શહેરમાં આશરે 6 કિમી લાંબા અંડરગ્રાઉન્ડ રૂટ પૈકી રેલવે સ્ટેશનથી ચોક બજાર સુધીની ટનલનું નિર્માણ કાર્ય હવે પૂર્ણતાના આરે છે. હાલમાં ટનલ બોરિંગ મશીન (TBM) ચોક બજાર વિસ્તારમાં કાર્યરત છે, જ્યાં ટનલ ધીરે-ધીરે જમીનની સપાટીની નજીક આવી રહી છે. આ વિસ્તાર પછી મેટ્રોનો રૂટ અંડરગ્રાઉન્ડ પૂરો થઈને એલિવેટેડ (ઉપર) થવાનો હોવાથી, ટનલ અને રોડની સપાટી વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે. સપાટીની નજીક થતી આ કામગીરીને કારણે ઉપરના

...અનુસંધાન પાના ૯ પર

હવે માત્ર 80 મીટરની ટનલ બાકી, અગાઉ 12 રિંગ મુકાતી હતી ત્યા હવે 5 રિંગ મૂકી ટનલ બને છે

હવે માત્ર 80 મીટર જેટલી ટનલનું કામ બાકી છે અને સલામતી ખાતર મશીનની ગતિ પણ ધીમી કરી દેવામાં આવી છે. અગાઉ ટીબીએમમાં 10 થી 12 રીંગ ફીટ કરીને ટનલીંગ કરાતું હતું જે હવે ઘટાડીને 5 રીંગ ફીટ કરીને કામગીરી કરવામાં આવી રહી છે જેથી વાયબ્રેશન ઓછુ થાય. ક્રાઈમ બ્રાંચની ઓફિસને સેફ્ટી પોઈન્ટ માટે સપોર્ટ પણ મુકવામાં આવ્યા છે અને જમીનનું ગ્રાઉટીંગ કરાયું છે. સોઈલ સ્ટેબલાઈઝ કરવા

...અનુસંધાન પાના ૯ પર

પતિ સાથે ચાલુ વિડીયો કોલે પરિણીતાએ ફાંસો ખાઇ લીધો

સણિયા હેમાદની મહિલા લગ્નના સાડા પાંચ વર્ષ પછી પણ નિ:સંતાન હતી

સુરતઃ સણિયા હેમાદમાં સાડા પાંચ વર્ષના લગ્ન જીવનમાં સંતાન નહીં થતાં હતાશ પરિણીતાએ પતિના ફોનના કેમેરામાં વીડિયો ચાલુ કરી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની સંજયકુમાર ચમાર હાલ સારોલીના સણિયા હેમાદ વિસ્તારમાં આવેલ ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝમાં રહેતો હતો. સંજયકુમાર એમ્બ્રોડરીના ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. બે મહિના પહેલા સંજયકુમાર તેની પત્ની અંજની (23 વર્ષ)ને વતનથી સુરત લઈ આવ્યો હતો. તેમજ તેમના લગ્નને સાડા પાંચ વર્ષ થઈ ગયા હતા. લગ્ન

...અનુસંધાન પાના ૯ પર

લઘુમતી વિસ્તારમાં આંગણવાડીના લોકાર્પણમાં કોર્પોરેટરનું પ્રવચન

ભાજપને વોટ આપશો તો અબ્દુલ કલામ જેવો પુત્ર પેદા થશે

વિજય ચૌમાલે કહ્યું બીજેપીને વોટ આપશો તો ઘરે સાનિયા મિર્ઝા જેવી દીકરી જન્મશે

સુરત : સુરતમાં આગામી મહાનગરપાલિકા ચૂંટણી નજીક આવતાં રાજકીય માહોલ ગરમાયો છે. વોર્ડ નંબર-19 (આંજણા-ડુંભાલ) વિસ્તારમાં નિર્માણ થયેલી આંગણવાડીઓના લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન ભાજપના કોર્પોરેટર વિજય ચૌમાલે આપેલા વિવાદાસ્પદ નિવેદને રાજકીય અને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવી છે.

કાર્યક્રમમાં કાર્યકર્તાઓ અને સ્થાનિક રહીશોને સંબોધતા વિજય ચૌમાલે જણાવ્યું હતું કે, "ભારતીય જનતા પાર્ટીને વોટ આપવાનો અર્થ તમારા ઘરમાં અબ્દુલ કલામ પેદા થવો અને સાનિયા મિર્ઝા જેવી દીકરી પેદા થવી છે. દેશનું નામ રોશન કરનારી દીકરીઓ મારા મુસ્લિમ સમાજમાંથી પેદા થઈ છે. અશફાક ઉલ્લા ખાન કોઈ બહારનો નહોતો, તે મારા દેશના મુસલમાનના ઘરમાં પેદા થયો હતો અને ભારત માતાની જય બોલતા રાષ્ટ્ર માટે સમર્પિત થયો હતો." તેમણે વધુમાં કહ્યું કે, "તમે લોકોએ અમને વોટ આપ્યો અને ચારેય કોર્પોરેટર જીતીને આવ્યા. ભાજપે વિકાસ કર્યો છે. આજે અહીં કોઈ મહારાષ્ટ્રનો છે, કોઈ યુપીનો છે, કોઈ રાજસ્થાનનો છે. ત્યાં જન્મેલા બાળકની કોઈ જાતની ચિંતા કરવામાં આવતી નથી."વોટબેંકની રાજનીતિ તરફ ઈશારો કરતા વિજય ચૌમાલે કહ્યું હતું કે, "મને ખબર છે કે તમે તાળીઓ વગાડીને મને ખુશ કરી દેશો, પરંતુ વોટ નહીં આપો." તેમના આ નિવેદનને ચૂંટણી પૂર્વેના વોટબેંકના સમીકરણો સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે.મહિલા સુરક્ષા મુદ્દે બોલતાં તેમણે પાકિસ્તાન અને બાંગ્લાદેશની સ્થિતિ સાથે ભારતની સરખામણી કરી હતી. તેમણે દાવો

...અનુસંધાન પાના ૯ પર

ગજેરાગ્રુપના હિસાબો-દસ્તાવેજોનું વેરિફિકેશન કરાશે

ડીડીઆઇ વિંગની દરોડાની કાર્યવાહી પૂર્ણ

સુરતઃ સુરત આવકવેરા વિભાગની ડીડીઆઇ વિંગે લક્ષ્મી ડાયમંડના વસંત ગજેરા, ચુની ગજેરા સહિત આ પરિવાર સાથે સંકળાયેલા જમીનનાં સોદામાં સામેલ અનિલ બગદાણા, પ્રવિણ અગ્રવાલ ઉર્ફે ભૂત, તરૂણ ભગત, કિશોર ગોવલિયા,રાકેશ ગીરધર, મુન્ના ઓલપાડી સહિતની પાર્ટીને ત્યાંની સર્ચની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. હવે પછી કરોડો રૂપિયાનાં હિસાબો-દસ્તાવેજોનુ પાછલાં એસેસમેન્ટ સાથે વેરિફિકેશન કરવામાં આવશે. સુરત આવકવેરા વિભાગની કાર્યવાહી આટોપાયા બાદ લલક્ષ્મી ડાયમંડ નાં વસંત ગજેરાએ સોશિઅલ મિડીયા પર વિડીયો પોસ્ટ કર્યો હતો. જેમાં જણાવાયું હતું કે લક્ષ્મી ગ્રુપ ઓફ કંપનીઝ ખાતે આવકવેરા વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

જેમાં તમામ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન અમારી તરફથી સંપૂર્ણ સહકાર આપવામાં આવ્યો અને અધિકારીઓનું વર્તન પણ વ્યવસાયિક અને યોગ્ય રહ્યું.

અમે સરકાર અને તેમની પ્રક્રિયામાં પૂર્ણ વિશ્વાસ રાખીએ છીએ. આ કાર્યવાહીથી અમે સંતુષ્ટ છીએ, કાર્યવાહી સંબંધિત તમામ પ્રશ્નોના જવાબ આપવા અમે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. તાજેતરમાં ફેલાવવામાં આવતી ખોટી અને ભ્રામક માહિતીથી લોકોએ દૂર રહેવું જોઈએ.

'વ્યસનમુક્તિ કેન્દ્ર'ના ગેટ પાસે એમડીનું વેચાણ

ક્રાઈમ બ્રાન્ચે મુંબઈની મહિલા પાસેથી રૂ. 2.37 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

સુરત : ક્રાઈમ બ્રાંચે બાતમી આધારે મુંબઈથી 1.96 લાખના મેફેડ્રોન (MD) ડ્રગ્સનો જથ્થો લાવી સુરતમાં છૂટક વેચાણ કરવાના ઈરાદે આવેલી એક મહિલાને ક્રાઈમ બ્રાંચે ગાંધીબાગ પાસે ડક્કા ઓવારા રોડ પર પરિવર્તન વ્યસન મુક્તિ કેન્દ્ર' ના ગેટ પાસે ઝડપી પાડી છે. પોલીસે પકડાયેલી મહિલા પાસેથી એમડી ડ્રગ્સ, બે મોબાઈલ ફુલ 2.37 લાખની

...અનુસંધાન પાના ૯ પર

અગ્રણી બિલ્ડર તુષાર ઘેલાણીને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા

જો કે આપઘાતનું કારણ હજી રહસ્ય

સલામત અંગોનું દાન કરવાની જાહેરાત

સુરતઃ શહેરના જાણીતા રિયલ એસ્ટેટ બિલ્ડર અને 'ઘેલાણી ગ્રુપ'ના માલિક તુષાર ઘેલાણીએ શનિવારે રાત્રે તેમના નિવાસસ્થાને પોતાની લાયસન્સ વાળી રિવોલ્વર વડે ગોળી મારીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. મહાવીર હોસ્પિટલમાં તેમને લાઈફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યા હતા. જોકે, બુધવારે તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતાં.

તુષાર ઘેલાણીના આ પગલાંથી રિઅલ એસ્ટેટ ક્ષેત્રએ આંચકો અનુભવ્યો હતો. જો કે, તેમના આપઘાત પાછળનું કારણ હજી સુધી બહાર આવ્યું નથી. તેમને બ્રેઈનડેડ જાહેર કરાયા બાદ તેમના પરિવારે જેમના જે અંગો સલામત છે તેના દાનની જાહેરાત કરી છે. બ્રેઈનડેડ તુષાર ઘેલાણીની પુત્રી તન્વીએ

...અનુસંધાન પાના ૯ પર

સણિયા કણદે કેનાલ રોડ પર બાયોમેડિકલ વેસ્ટ ફેંકી દેવાયો

ઘટના અંગે સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ અને પોલીસને જાણ કરવામાં આવી

ચાર દિવસ પહેલા બનેલી ઘટના છતાં પોલીસ કે આરોગ્ય વિભાગ કોણે બાયો મેડિકલ વેસ્ટ ફેંક્યો તે શોધી શક્યા નથી

સુરતઃ સુરતના છેવાડે આવેલા સણિયા કણદે દેલાડવા કેનાલ રોડ પર ચારેક દિવસ પહેલા બાયો મેડિકલ વેસ્ટ ફેંકાયેલું મળતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. રવિવારે ત્યાંથી પસાર થતી વ્યક્તિએ આ બાયોમેડિકલ વેસ્ટને જોતાં તાત્કાલિક સણિયાકણદે ગામના રહીશોને જાણ કરવામાં આવી હતી. જેને પગલે ગામના સરપંચ જશપાલસિંહ સોલંકીએ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગથી માંડીને પોલીસને જાણ કરી હતી. જોકે, હજુ સુધી આ વેસ્ટ કોણે ફેંક્યું હતું તેની વિગતો બહાર આવવા પામી નથી.

કોઈપણ ક્લિનિક કે પછી હોસ્પિટલે બાયોમેડિકલ વેસ્ટનો યોગ્ય રીતે નિકાલ કરવાનો હોય છે. જેમાં તેને ચોક્કસ એજન્સીમાં નિકાલ માટે મોકલવાનું હોય

...અનુસંધાન પાના ૯ પર

ભાવભીની શ્રધ્ધાંજલિ

પળે પળે યાદ આવશે અમને,
સદાય તમારી ખોટ રહેશે અમને.
દેહથી ભલે દુર થયા તમે,
સદાય અમારા હૃદયમાં રહેશો તમે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના

સ્વ. ઉર્મિલાબેન સુમનભાઈ પટેલ
સ્વ. તા. 03-૦૨-૨૦૨૬

લિ. અલ્પાબેન જગદીશભાઈ પટેલ - પુત્રી (તલંગપોર)
ભારતીબેન જયેશભાઈ તાંબાઘર - પુત્રી (આભવા)
કોકીલાબેન રાજુભાઈ પટેલ - પુત્રી (જીયાવ)
રેખાબેન અરૂણભાઈ ડેરી - પુત્રી (જીયાવ)
માલાબેન હરીશભાઈ પટેલ - પુત્રી (જીયાવ)

દુખઃદ અવસાન બેસણું

દિલગીરી સાથે જણાવવાનુ કે અમારા ભાઈ/પપ્પા શ્રી અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ નું તા.૦૪/૦૨/૨૦૨૬ ને બુધવાર ના રોજ દુખદ અવસાન થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના...
સદ્ગત નુ બેસણુ તા.૦૬/૦૨/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખવામા આવેલ છે.
ગણેશ ડહેલા સામાવા
લિ.
મ.સ્વ.લક્ષ્મીબેન ડાહ્યાભાઈ પટેલ (માતા)
મ.સ્વ.ભાનુબેન અરવિંદભાઈ પટેલ (પત્ની)
સ્વ.અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ
જન્મ તા.૧૩/૦૨/૧૯૬૧
સ્વ.તા.૦૪/૦૨/૨૦૨૬

૧૫મી પુણ્યતિથીએ હાર્દિક શ્રધ્ધાંજલિ

સ્વ. ભોગીલાલ હિરાલાલ બચકાનીવાલા
જન્મ તા. ૨૮-૦૩-૧૯૩૫ સ્વ. તા. ૦૫-૦૨-૨૦૧૧

સુખથી કદી છલકાયા નહી, દુઃખથી કદી ડગ્યા નહી, વ્યવ્યહાર કદી ચુકયા નહી, ધર્મ કદી ભુલ્યા નહી, જીવનમાં હરપળ હસ્તા રહ્યા. સ્નેહથી સૌના હૈયે વસતા રહ્યા, શ્રેષ્ઠ જીવન જીવી ગયા, જીવનભર પરીશ્રમના દિવસો વિતાવી પરિવારને સમૃધ્ધ બનાવી આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણે પરિવારથી વિખુટા પડી અનંતયાત્રાએ ચાલ્યા ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અંતરથી પ્રાર્થના.....

લિ. સ્વ. વસુમતીબેન ભોગીલાલ બચકાનીવાલા

કમલેશ ભોગીલાલ બચકાનીવાલા | દર્શન ભોગીલાલ બચકાનીવાલા
લીના કમલેશ બચકાનીવાલા | ધનેશ્વરી દર્શન બચકાનીવાલા
હરેશ મહાદેવવાલા | સુનિલ કાપડીયા | મુકુંદ જરીવાલા
મીતા હરેશ મહાદેવવાલા | નિલાક્ષી સુનિલ કાપડીયા | પીન્કી મુકુંદ જરીવાલા

તથા સમસ્ત હિમસન પરિવાર

શ્રી વિશા પોરવાડ રૂવાઈ જ્ઞાતિ દુઃખદ અવસાન

સ્વ. રંજનબેન હરેશચંદ્ર ચોકસી
સ્વ. તા:૦૪-૦૨-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા વડીલશ્રી રંજનબેન હરેશચંદ્ર ચોકસી નો તા.૦૪-૦૨-૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્ગતની સ્મશાન યાત્રા આજે તા.૦૫-૦૨-૨૬ ના રોજ સવારે ૮.૩૦ કલાકે અમારા નિવાસ સ્થાનઃ ૧૦૦૬, મહિમા હાઈટસ-૩, ચાંદની ચોક સર્કલ પાસે, પીપલોદ થી નીકળી રામનાથધોલા, ઉમરા સ્મશાનભૂમિ જશે.

સદ્ગત ની પ્રાર્થનાસભા તા.૦૬-૦૨-૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન મહાવીરદેહ ધામ, ૬ઠે માળે, મહારાણા પ્રતાપ રોડ, કોસમોસ એપાર્ટમેન્ટ સામે, વેસુ, સુરત મુકામે રાખેલ છે.

લિ.
તુષાર દિનેશચંદ્ર ચોકસી | કવિતા તુષાર ચોકસી
બીજલ હરેશચંદ્ર ચોકસી | ક્ષમા બીજલ ચોકસી
જીમી હરેશચંદ્ર ચોકસી | શીતલ જીમી ચોકસી
પુરવ લોખંડવાલા | પીંકી લોખંડવાલા
જીનય તુષાર ચોકસી | સ્તુતિ જીનય ચોકસી

કાન્તિલાલ જવેલર્સ પરિવાર

દુઃખદ અવસાન-પ્રાર્થનાસભા

સ્વ. સુરેશભાઈ ઠાકોરદાસ પારેખ
સ્વ.તા. ૦૧/૦૨/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સુરેશભાઈ ઠાકોરદાસ પારેખનો તા. ૦૧-૦૨-૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. ભગવાન એમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
પ્રાર્થના સભા તા. ૦૬-૦૨-૨૦૨૬, શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૦૬:૦૦ કલાકે રાખેલ છે.
ક્ષમા યાચના : તમામ પ્રકારના લૌકિક રિવાજ સદંતર બંધ છે .
પ્રાર્થના સભા સ્થળ : શિવગોરી હોલ, ગેટ ૧ વનિતા વિશ્રામ કેમ્પસ, અઠવાગેટ, સુરત.

લિ.
ગં સ્વ. શોભનાબેન સુરેશભાઈ પારેખ
હિતેષ સુરેશભાઈ પારેખ | ધર્મેશ સુરેશભાઈ પારેખ
તેજલ હિતેષ પારેખ | અલ્પા ધર્મેશ પારેખ
ડૉ. કવિષા હિતેષ પારેખ | સારિકા ધર્મેશ પારેખ